**રજા પ્રવાસ રાહતની સવલત અંગે.**

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
ઠરાવ ક્રમાંક : મસભ-૧૦૨૦૦૬-૧૬૯૯-ચ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૦૬-૦૧-૨૦૦૭

વંચાણે લીધા :

(૧) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક : મસભ-૧૦૨૦૦૧-૩૬૮-ચ,
તા. ૧લી મે, ૨૦૦૧.

(૨) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક : મસભ-૧૦૨૦૦૧-૩૬૮-ચ,
તા. ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૩.

(૩) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક : મસભ-૧૦૨૦૦૧-યુઓ-૧૨૬૮-ચ,
તા. ૬-૧૨-૨૦૦૩.

(૪) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક : મસભ-૧૦૨૦૦૪-૬૫૭-ચ,
તા. ૧૭-૮-૨૦૦૪.

(૫) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક : મસભ-૧૦૨૦૦૪-૬૫૭-ચ,
તા. ૨૬-૮-૨૦૦૫.

## ઠરાવ

ઉપર વંચાણમાં દર્શાવેલ ક્રમાંક : (૧), (૨), (૩), (૪) અને (૫) ના ઠરાવો અન્વયે, રાજયના કર્મચારીઓને રજા પ્રવાસ રાહત / વતન પ્રવાસ રાહતની સવલત, તેમાં દર્શાવેલ શરતોને આધિન છેલ્લે તારીખ : ૩૧-૮-૨૦૦૬ સુધી મોકુફ રાખવામાં આવેલ. ત્યારબાદ વંચાણમાં લીધેલ તારીખ : ૨૬-૦૮-૨૦૦૫ના ઠરાવથી તારીખ : ૩૧-૧૨-૨૦૦૬ સુધીની મુદત દરમ્યાન સરકારી સેવામાંથી વય નિવૃત્ત થનાર કર્મચારીઓ કે જેઓએ ઉકત હુકમોની રવાનગી અગાઉ રજા પ્રવાસ રાહત બ્લોક વર્ષ : ૨૦૦૦-૨૦૦૩નો લાભ લીધેલ ન હોય તેમને રજા પ્રવાસ / વતન પ્રવાસ રાહત મોકુફીના હુકમોમાંથી મુકિત આપવામાં આવેલ હતી.

૨. તારીખ : ૩૧-૧૨-૨૦૦૬ પછી સેવામાંથી વયનિવૃત્ત થતા કર્મચારીઓને રજા પ્રવાસ રાહતનો લાભ મંજુર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે આથી ઠરાવવામાં આવે છે કે :-

(૧) રજા પ્રવાસ રાહત / વતન પ્રવાસ રાહતની સવલત તારીખ : ૩૧-૮-૨૦૦૭ સુધી મોકુફ રાખવાનું ઠરાવવામાં આવે છે.

(પાછળ..)

(૨) તારીખ : ૩૧-૧૨-૨૦૦૭ સુધીની મુદત દરમ્યાન સેવામાંથી વયનિવૃત્ત થતા કર્મચારીઓને રજા પ્રવાસ રાહત બ્લોક વર્ષ : ૨૦૦૪-૨૦૦૭નો લાભ મંજુર કરી શકાશે.

(૩) રજા પ્રવાસ રાહત અંગેની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એચ. ડી. સેદલર)
ઉપ સચિવ,
નાણા વિભાગ

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, ગુજરાત ભવન, ગાંધીનગર
  માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
  માન. મંત્રીશ્રીઓ / રાજય કક્ષાના મંત્રીશ્રીઓ / નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
  માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
  સચિવાલયના સર્વે વિભાગો / ખાતાના વડાઓ / કચેરીઓના વડાઓ.
  એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) રાજકોટ / અમદાવાદ
  એકાઉન્ટન્ટ જનરલશ્રી ( ઓડિટ ) રાજકોટ / અમદાવાદ
  નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ / સર્વે જીલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ
  સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ / સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
  સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ / પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
  પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર/અમદાવાદ;
  પીએઓ સ.સ.ન.નિ. લિ. ગાંધીનગર / વડોદરા.
  નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ.
  સર્વે બોર્ડ / યુનિવર્સિટી / નિગમ / રાજય સરકારના જાહેર સાહસો.
  નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ. નાણા વિભાગની તમામ શાખાઓ.
  પસંદગી ફાઇલ - ચ શાખા.
  માન. મુખ્ય મંત્રીશ્રીની વેબ સાઇટ, બ્લોક-૪, ૪થે માળ, .. વેબ ઉપર મૂકવા સારૂ.
- પત્ર દ્વારા

C:\SevakLTC/07